# ધોરણ ૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતાનો અભ્યાસ

ડૉ. મૃણાલી ચૌહાણ
શ્રી એમ.ડી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન(એમ.એડ્), ઝૂંડાલ, ગાંધીનગર

## ૧. પ્રસ્તાવના

સંશોધન અહેવાલના અગાઉનાં પ્રકરણમાં સમસ્યાની રજૂઆત સંબંધિત સાહિત્યની સમીક્ષા સંશોધનની યોજના, નમૂના અને નમૂના પસંદગી ઉપકરણનું સંચાલન, ચલ, કસોટીની વિશ્વસનીયતા કલમ પૃથ્થક્કરણ અને સંશોધન માટે એકત્ર કરેલી માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનોમાં સારાંશ, તારણો અને ભલામણોની ચર્ચા કરવામાં આવી છે.

શિક્ષણક્ષેત્રે હાથ ધરવામાં આવતાં સંશોધનનો ઉપયોગી થઈ પડે છે. આવાં સંશોધનનો શિક્ષણ કે વ્યવહારમાં ઉપયોગી હોય છે. વળી તે દરેક નવાં સંશોધનનો માટેના વિષયોનું દિશાસૂચન કરતું હોય છે. અજ્ઞાનના ક્ષેત્રોને પાછળ ધકેલીને નવા શબ્દો શોધવા એ સંશોધન છે. તારણ વિના સંશોધન અધુરું છે. આ પ્રકરણમાં સમગ્ર અભ્યાસમાં સંશોધકે કરેલા કાર્યને ટૂંકમાં વ્યવસ્થિત રજૂ કરવામાં આવ્યો છે. તેથી સારાંશનું મહત્વ વધી જાય છે. સારાંશના અભ્યાસ દરમ્યાન મહત્વના પાસાનો સમાવેશ થાય છે.

## ૨. સમસ્યા શીર્ષક

***ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતાનો અભ્યાસ***

## ૩. સંશોધનના હેતુઓ

૧. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગુજરાતી પાઠ્યપુસ્તક વાંચનક્ષમતાનો અભ્યાસ કરવો.
૨. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગુજરાતી પાઠ્યપુસ્તક વાંચનક્ષમતા પર જાતીયતા અને વિસ્તારની અસર ચકાસવી.

## ૪. સંશોધનના ચલ

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ**

| *ક્રમ* | *ચલ* | *ચલનો પ્રકાર* | *કક્ષા* | *ચલના સ્તર* |
|---|---|---|---|---|
| ૧ | જાતિ | સ્વતંત્ર ચલ | ૨ | ૧. કુમાર<br>૨. કન્યા |
| ૨ | વિસ્તાર | સ્વતંત્ર ચલ | ૨ | ૧. શહેરી<br>૨. ગ્રામ્ય |
| ૩ | વાંચનક્ષમતા | પરતંત્રચલ | - | -- |

## ૫. સંશોધનની ઉત્કલ્પનાઓ

૧. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
૨. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
૩. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
૪. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા શહેરી કુમારો અને ગ્રામ્ય કુમારોની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
૧. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતી શહેરી કન્યાઓ અને ગ્રામ્ય કન્યાઓની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

## ૬. સંશોધનનો વ્યાપવિશ્વ અને નમૂનો

### *૬.૧ વ્યાપવિશ્વ*

પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ ગાંધીનગર તાલુકામાં ધોરણ-૯માં અભ્યાસ કરતા વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના તમામ વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ બને છે.

### *૬.૨ નમૂનો*

**સારણી ૧ શહેરી વિસ્તારની બે શાળાઓ, કુમારો અને કન્યાઓની સંખ્યા દર્શાવતી સારણી**

| *ક્રમ* | *શાળાનું નામ* | *કુમારોની સંખ્યા* | *કન્યાઓ ની સંખ્યા* | *કુલ* |
|---|---|---|---|---|
| ૧ | સરકારી માધ્યમિક શાળા, ગાંધીનગર | ૨૫ | ૨૫ | ૫૦ |
| ૨ | શ્રી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાધીનગર | ૨૫ | ૨૫ | ૫૦ |
| | કુલ... | ૫૦ | ૫૦ | ૧૦૦ |

**સારણી ૨ ગ્રામ્ય વિસ્તારની બે શાળાઓ, કુમારો અને કન્યાઓની સંખ્યા દર્શાવતી સારણી**

| *ક્રમ* | *શાળાનું નામ* | *કુમારોની સંખ્યા* | *કન્યાઓ ની સંખ્યા* | *કુલ* |
|---|---|---|---|---|
| ૧ | સ્વામિનારાયણ વિદ્યામંદિર, રાયસણ | ૨૫ | ૨૫ | ૫૦ |
| ૨ | શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય, અડાલજ | ૨૫ | ૨૫ | ૫૦ |
| | કુલ... | ૫૦ | ૫૦ | ૧૦૦ |

## ૭. સંશોધનની પધ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરેલ છે. એટલે કે પ્રસ્તુત સંશોધન એ સર્વેક્ષણ પ્રકારના સંશોધન પધ્ધતિએ હાથ ધરેલ છે.

### ૮. સંશોધનનું ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે 'સ્વ રચિત વાંચનક્ષમતા કસોટી'ને ઉપકરણ તરીકે ઉપયોગમાં લીધેલ છે.

### ૯. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવા માટે સરાસરી પ્રમાણ વિચલન અને **t**- કસોટીનો ઉપયોગ કરી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી કરી અર્થઘટન કરવામાં આવ્યું છે.

### ૧૦. સંશોધના હેતુઓની ચકાસણી

***હેતુ નં. ૧ :*** ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગુજરાતી પાઠ્યપુસ્તક વાંચનક્ષમતાનો અભ્યાસ કરવો.

ગાંધીનગર તાલુકાના માધ્યમિક શાળાના ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી વાંચનક્ષમતા કસોટીની રચના કરવામાં આવી હતી. અને આ કસોટી દ્વારા વિદ્યાર્થીઓની વાંચનક્ષમતાનું માપન કરવામાં આવ્યું હતું જેની વાંચનક્ષમતા કસોટી પરિશિષ્ટમાં રજૂ કરેલ છે.

***હેતુ નં. ૨:*** ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ગુજરાતી પાઠ્યપુસ્તક વાંચનક્ષમતા પર જાતીયતા અને વિસ્તારની અસર ચકાસવી. આ હેતુ શૂન્ય ઉત્કલ્પના નં ૧થી ૫ રચી અને તેની ચકાસણી કરેલ છે જે પ્રકરણ-૪માં રજૂ કરેલ છે.

### ૧૧. ઉત્કલ્પનાની ચકાસણી

**સારણી ૩ ઉત્કલ્પનાઓની ચકાસણી દર્શાવતી સારણી**

| *ક્રમ* | *ઉત્કલ્પના* | *મૂલ્ય* | *સાર્થકતાની કક્ષા* | *અસ્વીકાર થાય છે / થતો નથી* |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | ૩.૭૯ | ૦.૦૧ | અસ્વીકાર થાય છે |
| ૨ | ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | ૦.૪૮ | N.S | સ્વીકાર થાય છે |
| ૩ | ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા શહેરી વિસ્તારના કુમારો અને કન્યાઓની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતા કસોટીના પ્રાપ્તાંકની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | ૨.૬૫ | ૦.૦૧ | અસ્વીકાર થાય છે |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા શહેરી કુમારો અને ગ્રામ્ય કુમારોની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | ૨.૧૭ | ૦.૦૫ | અસ્વીકાર થાય છે |
| ૫ | ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા શહેરી કન્યાઓ અને ગ્રામ્ય કન્યાઓની ગુજરાતી પાઠ્યપુસ્તકની વાંચનક્ષમતા કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | ૪.૨૨ | ૦.૦૧ | અસ્વીકાર થાય છે |

## ૧૨. તારણો

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે શૂન્ય ઉત્કલ્પનાઓની ચકાસણી કર્યા બાદ સંશોધનના તારણ તારવ્યા હતા જે આ પ્રમાણે રજૂ કરેલ છે.

૧. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતાં ગ્રામ્ય વિદ્યાર્થીઓ કરતા શહેરી વિદ્યાર્થીઓની વાંચનક્ષમતા ઉચ્ચ જોવા મળી હતી.
૨. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા ગ્રામ્ય વિસ્તારના કુમારો અને કન્યાઓમાં કોઈ તફાવત જોવા મળ્યો ન હતો.
૩. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા શહેરી વિસ્તારના કુમારો કરતાં કન્યાઓમાં વાંચનક્ષમતા ઉચ્ચ જોવા મળી હતી.
૪. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતા ગ્રામ્ય કુમારો કરતાં શહેરી કુમારોમાં વાંચનક્ષમતા ઉચ્ચ જોવા મળી હતી.
૧. ગાંધીનગર તાલુકાના ધોરણ-૯માં અભ્યાસ કરતી ગ્રામ્ય કન્યાઓ કરતા શહેરી કન્યાઓમાં વાંચનક્ષમતા ઉચ્ચ જોવા મળી હતી.

## સંદર્ભ સૂચિ

૧. પટેલ, એમ. અને અન્ય (૨૦૦૪). ગુજરાતી ધોરણ-૮ (પ્રથમ ભાષા) પ્રથમ આવૃત્તિ, ગાંધીનગર ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, વિદ્યાયન, સેકટર-એ
૨. શાસ્ત્રી, કે. હ્વા. (૨૦૦૫). વિદ્યાર્થી શબ્દકોષ. (પહેલી આવૃત્તિ) અમદાવાદ, આદર્શ પ્રકાશન ‘સારસ્વત સદન’ ગાંધીમાર્ગ બાલા હનુમાન પાસે.
૩. શાહ, ડી. ભી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન. (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૪. શાહ, એન.પી. (૨૦૦૨). ‘ગુજરાતીનું અભિનવ અધ્યપન’ (અધ્યયન આવૃત્તિ) અમદાવાદ, નીરવ પ્રકાશન
૫. શાહ, એ. (૨૦૦૫). સંશોધન પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્ર. (પ્રથમ આવૃત્તિ) અમદાવાદ, ડિવાઈન પબ્લિકેશન્સ